દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

રવિવાર ૧૧ ઑક્ટોબર, ૨૦૨૬

# ડોનાલ્ડ ટ્રમ્પ ભૂલી ગયા છે કે, નોબેલ શાંતિ પુરસ્કાર માંગવાનો નહીં આપવાનો હોય છે

ટ્રમ્પે નોબેલ શાંતિ પુરસ્કાર ન મળવા પર ફરી એકવાર નારાજગી વ્યક્ત કરી છે. તેમણે શુક્રવારે કહ્યું કે આ પુરસ્કાર તેમને ન આપીને નોર્વેએ પોતાના પર એવો ડાઘ લગાવી લીધો છે, જે ક્યારેય નહીં ભૂંસાય.

ટ્રમ્પે આ નિર્ણયને શરમજનક અને અપમાનજનક ગણાવતા કહ્યું કે દરેક ઉકેલાયેલા યુદ્ધ માટે તેમને આઠ વખત પુરસ્કાર મળવો જોઈએ હતો.

આ વર્ષે નોબેલ શાંતિ પુરસ્કાર દક્ષિણ આફ્રિકાની ભૂતપૂર્વ યુએન માનવાધિકાર વડા નવી પિલ્લાઈને આપવામાં આવ્યો છે. ટ્રમ્પે કહ્યું કે તેમના વિશે કોઈ જાણતું નથી. ટ્રમ્પે કહ્યું,

નોબેલ શાંતિ પુરસ્કાર એ વિશ્વનો સૌથી પ્રતિષ્ઠિત અને ઉચ્ચ સન્માન માનવામાં આવે છે, જે વૈશ્વિક શાંતિ, માનવાધિકાર અને સંઘર્ષોના ઉકેલ માટે અસાધારણ યોગદાન આપનાર વ્યક્તિઓ કે સંસ્થાઓને એનાયત કરવામાં આવે છે. જોકે, ભૂતકાળમાં પણ આ પુરસ્કારની પસંદગી પ્રક્રિયા ઘણીવાર રાજકીય વિવાદોથી ઘેરાયેલી રહી છે. તાજેતરના વર્ષોમાં, અમેરિકાના પૂર્વ અને વર્તમાન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને નોબેલ શાંતિ પુરસ્કાર વચ્ચેનો સંબંધ આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ચર્ચા અને વિવાદનો મોટો મુદ્દો બન્યો છે. ટ્રમ્પ દ્વારા નોબેલ પુરસ્કાર માટે વારંવાર કરવામાં આવતી દાવેદારી અને નોર્વેજિયન નોબેલ સમિતિ પર કરવામાં આવતા આક્ષેપોએ આ સમગ્ર વિવાદને નવી ઊંચાઈએ પહોંચાડ્યો છે. ટ્રમ્પની દાવેદારી અને દાવાઓ ડોનાલ્ડ ટ્રમ્પના સમર્થકો અને કેટલાક વિદેશી રાજનેતાઓ દ્વારા તેમને નોબેલ શાંતિ પુરસ્કાર માટે નામાંકિત કરવામાં આવ્યા છે. ટ્રમ્પે પણ જાહેરમાં અનેક વખત દાવો કર્યો છે કે તેઓ આ એવોર્ડના સાચા હકદાર છે. ટ્રમ્પના પ્રથમ કાર્યકાળ દરમિયાન ઇઝરાયેલ અને યુનાઇટેડ આરબ અમીરાત (UAE), બહરીન, મોરોક્કો અને સુદાન વચ્ચેના સંબંધો સામાન્ય બનાવવા માટે ઐતિહાસિક સમજૂતીઓ થઈ હતી. ટ્રમ્પ શિબિરનો દાવો છે કે મધ્ય પૂર્વમાં દાયકાઓ જૂના તણાવને ઘટાડવામાં આ કરારોએ મહત્વની ભૂમિકા ભજવી હતી. એટલું જ નહીં ટ્રમ્પે ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉન સાથે રૂબરૂ મુલાકાતો કરીને પરમાણુ તણાવ ઓછો કરવાનો પ્રયાસ કર્યો હતો. ટ્રમ્પે અનેક મંચો પરથી દાવો કર્યો છે કે તેમણે પોતાના કાર્યકાળ અને કૌશલ્ય દ્વારા વિશ્વના વિવિધ ભાગોમાં આઠ જેટલા મોટા વિવાદો અને યુદ્ધો અટકાવ્યા છે કે શાંત કર્યા છે. તેમનો મુખ્ય તર્ક એ રહ્યો છે કે “મેં એવા કામ કરી બતાવ્યા જે અન્ય કોઈ પ્રમુખ કે નેતા નથી કરી શક્યા. વિવાદ અને ટીકાઓટ્રમ્પના આ દાવાઓ અને તેમની વિદેશ નીતિ સામે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારે વિરોધ અને



ટીકાઓ પણ જોવા મળી છે આલોચકોનું માનવું છે કે ટ્રમ્પની વિદેશ નીતિ ‘અમેરિકા ફર્સ્ટ’ (America First) ના સિદ્ધાંત પર આધારિત હતી, જેના કારણે તેમણે પેરિસ ક્લાઇમેટ એગ્રીમેન્ટ અને ઈરાન ન્યુક્લિયર ડીલ જેવા મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય કરારોમાંથી અમેરિકાને બહાર ખેંચી લીધું હતું. આ નિર્ણયોએ વૈશ્વિક સ્થિરતાને નુકસાન પહોંચાડ્યું હોવાનો આક્ષેપ થાય છે. નોર્વે અને નોબેલ સમિતિ પર કડક પ્રહારો: જ્યારે પણ નોબેલ પુરસ્કારની જાહેરાત થાય છે અને ટ્રમ્પની પસંદગી નથી થતી, ત્યારે તેઓ નોર્વે અને નોબેલ સમિતિની તીવ્ર ટીકા કરે છે. પુરસ્કાર ન મળવાને કારણે તેને અન્યાયી અને રાજકીય રીતે પ્રેરિત ગણાવવો એ પણ એક મોટો વિવાદ બન્યો છે. પરંપરાગત શાંતિ વ્યાખ્યા સાથે વિરોધાભાસ: નોબેલ શાંતિ પુરસ્કાર આપતી વખતે સંસ્થાગત લોકશાહી, માનવાધિકાર અને આંતરરાષ્ટ્રીય કાયદાના પાલનને પ્રાધાન્ય આપવામાં આવે છે. વિવેચકોના મતે ટ્રમ્પની શૈલી વ્યક્તિગત પ્રચાર પર વધુ અને લાંબા ગાળાના સંસ્થાગત શાંતિ નિર્માણ પર ઓછી આધારિત હતી. નોબેલ સમિતિનો દૃષ્ટિકોણ અને સરખામણીનોબેલ શાંતિ પુરસ્કાર આપવાનો નિર્ણય નોર્વેની સંસદ દ્વારા નિયુક્ત કરવામાં આવેલી પાંચ સભ્યોની સ્વતંત્ર કમિટી કરે છે. સમિતિના નીતિ-નિયમો મુજબ નામાંકન મેળવવું એ કોઈ મોટી વાત નથી, કારણ કે વિશ્વભરના સેંકડો સાંસદો, પ્રોફેસરો અને રાષ્ટ્રાધ્યક્ષો દર વર્ષે કોઈને કોઈનું નામ સૂચવી શકે છે.અગાઉ અમેરિકાના પૂર્વ પ્રમુખ બરાક ઓબામાને ૨૦૦૯માં પદ સંભાળ્યાના થોડા જ મહિનાઓમાં નોબેલ શાંતિ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો, જેના પર પણ તે સમયે વિવાદ થયો હતો. ટ્રમ્પે પણ અનેકવાર ઓબામાના આ પુરસ્કારનો ઉલ્લેખ કરીને સમિતિના પક્ષપાત પર સવાલો ઉઠાવ્યા છે.નિષ્કર્ષ ડોનાલ્ડ ટ્રમ્પ અને નોબેલ પ્રાઇઝનો વિવાદ એ માત્ર એક એવોર્ડ મેળવવાની હોડ નથી, પરંતુ વૈશ્વિક નેતૃત્વ અને શાંતિની વ્યાખ્યા વચ્ચેના ઘર્ષણનું પ્રતીક છે. એક તરફ ટ્રમ્પ અને તેમના સમર્થકો તેમને વ્યાપારી કરારો અને વ્યવહારુ મુત્સદ્દીગીરી દ્વારા યુદ્ધો અટકાવનાર “શાંતિદૂત” તરીકે રજૂ કરે છે, તો બીજી તરફ વૈશ્વિક સમુદાય અને આલોચકો તેમને એક એવા નેતા તરીકે જુએ છે જેમના નિર્ણયોએ આંતરરાષ્ટ્રીય ગઠબંધનોને નબળા પાડ્યા છે.આ વિવાદ દર્શાવે છે કે આજના ધ્રુવીકૃત રાજકારણમાં “શાંતિ” જેવા સર્વોચ્ચ મૂલ્યને જોવાનો દૃષ્ટિકોણ પણ વ્યક્તિ અને રાજકીય વિચારધારા મુજબકેટલોઅલગહોઈશકેછે.

## માત્ર પાંચ મિનિટ

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

મીરાં સોસાયટીમાં નવી રહેવા આવી હતી. દરરોજ સવારે ઓફિસ જતી વખતે પોતાની સોસાયટીના ગ્રાઉન્ડ ફ્લોરના ફ્લેટમાં રહેતી વૃદ્ધ મહિલાને જોતી. વૃદ્ધા હંમેશાં બારી પાસે બેઠેલી જોવા મળતી. એક દિવસ મીરાંએ પૂછ્યું, ‘કાકી, તમે રોજ સવાર સાંજ અહીં બારી પાસે જ બેસો છો?’ વૃદ્ધાએ મ્લાન હસીને કહ્યું, હા, કોઈ આવે તેની રાહ જોઉં છું. મીરાંએ વિચાર્યું, કદાચ તેમનાં દીકરો કે દીકરી આવતાં હશે તેની રાહ જોતાં હશે. તે હસીને આગળ વધી ગઈ. વૃદ્ધ કાકીને ગમ્યું કે કોઈકે વાત કરી. બીજા દિવસે ફરી એ જ કાકી બારી પાસે બેઠાં હતાં. ત્રીજા દિવસે પણ એ જ દૃશ્ય. મીરાં રોજ તેમની સામે હસીને આગળ વધી જતી. એક દિવસ વરસાદ ખૂબ હતો. મીરાં ઓફિસથી પાછી ફરતી હતી ત્યારે તેણે જોયું કે વૃદ્ધ કાકી દવા લેવા બહાર નીકળ્યાં હતાં. મીરાંએ છત્રી આગળ કરી કહ્યું, ચાલો, હું લઈ જાઉં. વૃદ્ધાએ કહ્યું, બેટા, તને મોડું થશે.હું ધીમે ધીમે જઈશ. મીરાં બોલી, મને પાંચ મિનિટ મોડું થશે.વાંધો નહિ. એ પાંચ મિનિટ વીસ મિનિટમાં બદલાઈ. દવા લઈને પાછાં આવ્યાં પછી વૃદ્ધાએ ચા બનાવી.

મીરાં તેમની પાસે બેઠી ત્યારે વાતો કરતાં ખબર પડી કે વૃદ્ધાનો દીકરો વિદેશમાં રહે છે. વર્ષોથી મળ્યો નહોતો. વૃદ્ધા સાવ એકલાં જ હતાં. મીરાએ પૂછ્યું, ‘‘પણ તો પછી રોજ બારી પાસે તમે રાહ કેમ જુઓ છો?’’

વૃદ્ધાએ એ જ બારી પાસે બેસી બહાર જોઇને કહ્યું, ‘‘માણસ ક્યારેક કોઈ ખાસ વ્યક્તિની નહીં, પણ પોતાના જીવનમાં ફરી કોઈ અવાજ સંભળાય, ફરી કોઈ એક સ્મિત આપે તેની રાહ જુએ છે.તું હસીને જાય છે કે ક્યારેક એક વાક્ય પૂછે છે તો પણ મને ખુશી થાય છે.’’ આ વાક્ય મીરાંના મનમાં રહી ગયું. પછી મીરાંએ નિયમ બનાવી દીધો. દરરોજ ઓફિસથી આવ્યા પછી માત્ર પાંચ મિનિટ કાકી સાથે બેસવાની. કાકી ખુશ રહેવા લાગ્યાં.

થોડા મહિનામાં આખા બિલ્ડિંગમાં આ વાતની ખબર પડી અને બધાં જ કાકીની ખબર લેતાં શીખી ગયાં. કાકી રોજની જેમ બારી પાસે જ બેસતાં. આવતાં જતાં લોકો તેમને સ્મિત આપતાં તો હસતાં. કોઈ દૂધ પૂછવા આવતું, કોઈ દવા લઈ આવતું, કોઈ વાત કરવા બેસતું. કાકીનું મન ખુશ રહેતું.તેમણે મીરાંને કહ્યું, તેં તો મને પાંચ મિનીટ આપી અને ખુશી આપી અને એક ઉદાહરણ બની આખા બિલ્ડીંગનાં લોકોમાં બદલાવ લાવી દીધો.મીરાં હસી અને બોલી, કાકી, મેં તો કંઈ નથી કર્યું. માત્ર પાંચ મિનીટ તમને આપી છે, બાકી બધાં સારાં છે એટલે બધાં તમને પ્રેમ આપે છે કારણ તમે માત્ર પ્રેમ માંગો છો અને બમણો આપો છો.’’

કાકી બોલ્યાં, ‘મારા જીવનમાં આ ખુશીભર્યું પરિવર્તન તારી પાંચ મિનિટથી જ આવ્યું છે.’’

મોટું પરિવર્તન હંમેશાં મોટાં કાર્યોથી નથી આવતું. ક્યારેક થોડો સમય, થોડું ધ્યાન અને સાચી હાજરી કોઈના જીવનમાં પ્રકાશ બની જાય છે.

# વિક્ટર ઓર્બાનનો ઉદય અને પતન: ૧૬ વર્ષના શાસન પછી હંગેરીની જનતાએ કેમ બદલી સત્તા?



## વર્લ્ડ વૉચ

ડૉ. જયનારાયણ વ્યાસ

**સરકારનાં સમર્થકો આ પગલાંને રાષ્ટ્રીય હિતમાં જરૂરી સુધારા ગણાવતાં હતાં, જ્યારે વિરોધીઓએ ન્યાયતંત્રની સ્વતંત્રતા અને મીડિયા પર સરકારના પ્રભાવ અંગે ચિંતા વ્યક્ત કરી હતી**

હંગેરીની ૨૦૨૬ની ચૂંટણી યુરોપના રાજકારણમાં એક ઐતિહાસિક વળાંક તરીકે જોવામાં આવે છે. સતત ૧૬ વર્ષ સુધી સત્તામાં રહેલા વડા પ્રધાન વિક્ટર ઓર્બાનને પીટર મજ્યરની ટિસા પાર્ટીએ પરાજય આપ્યો. આ પરિણામ માત્ર સરકાર બદલાવાની ઘટના નથી, પરંતુ સત્તાના કેન્દ્રીકરણ, આર્થિક અસંતોષ અને લોકશાહી સંસ્થાઓની સ્વતંત્રતા અંગેનો મહત્ત્વપૂર્ણ સંદેશ પણ છે. ૩૧ મે, ૧૯૬૩ના રોજ જન્મેલા ઓર્બાન કાયદાના અભ્યાસ પછી રાજકારણમાં પ્રવેશ્યા. ૧૯૮૯માં સોવિયેત સૈનિકોને હંગેરીમાંથી પાછા બોલાવવાની તેમની માગે તેમને રાષ્ટ્રીય સ્તરે ઓળખ અપાવી. ૧૯૯૮માં તેઓ પ્રથમ વખત વડા પ્રધાન બન્યા, પરંતુ ૨૦૦૨માં સત્તા ગુમાવી. ૨૦૧૦માં તેમણે જોરદાર વાપસી કરી અને તેમની પાર્ટીને સંસદમાં બે તૃતિયાંશ બહુમતી મળી ત્યારથી તેમણે હંગેરીના રાજકીય માળખામાં વ્યાપક ફેરફારો કર્યા.

સત્તાનું કેન્દ્રીકરણ અને લોકશાહી સામેના પ્રશ્નો

ઓર્બાન સરકારે બંધારણ, ચૂંટણીના નિયમો, ન્યાયતંત્ર અને સરકારી સંસ્થાઓમાં ફેરફારો કર્યા. સરકારનાં સમર્થકો આ પગલાંને રાષ્ટ્રીય હિતમાં જરૂરી સુધારા ગણાવતાં હતાં, જ્યારે વિરોધીઓએ ન્યાયતંત્રની સ્વતંત્રતા અને મીડિયા પર સરકારના પ્રભાવ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. સરકારી જાહેરાતોની વહેંચણી અને સરકારની નજીકનાં ઉદ્યોગજૂથોને મળતા લાભ અંગે પણ પ્રશ્નો ઊઠ્યા હતા. ૨૦૨૨માં યુરોપિયન સંસદે હંગેરીની રાજકીય વ્યવસ્થાને ‘ચૂંટણી આધારિત નિરંકુશતા’ તરીકે વર્ણવી હતી. આ વિવાદનો મૂળ પ્રશ્ન એ હતો કે ચૂંટણી યોજાતી હોવા છતાં સરકાર પર અંકુશ રાખતી સંસ્થાઓ કેટલી સ્વતંત્ર રહી હતી.

રાષ્ટ્રવાદ અને વિદેશનીતિ

ઓર્બાનની સફળતામાં રાષ્ટ્રવાદી રાજકારણનો મોટો ફાળો હતો. તેમણે સ્થળાંતર પર નિયંત્રણ, સરહદોની સુરક્ષા, ખ્રિસ્તી સાંસ્કૃતિક ઓળખ અને રાષ્ટ્રીય સાર્વભૌમત્વને મહત્ત્વ આપ્યું. તેમનાં સમર્થકો માટે આ નીતિઓ રાષ્ટ્રીય હિતોની રક્ષા કરતી હતી, જ્યારે ટીકાકારોના મતે તેનાથી રાજકીય ધ્રુવીકરણ વધ્યું. રશિયા સાથે ઊર્જાસંબંધો જાળવવા અને યુક્રેન અંગે યુરોપિયન સંઘની નીતિઓ સાથે મતભેદ રાખવાને કારણે પણ ઓર્બાન સરકાર પશ્ચિમી સાથી દેશોથી ઘણી વાર અલગ પડી. કાયદાના શાસન અને સરકારી નાણાંના ઉપયોગ અંગેની ચિંતાઓને પગલે યુરોપિયન સંઘે હંગેરી માટેની કેટલીક નાણાંકીય સહાય રોકી રાખી હતી.

પીટર મજ્યરનો ઉદય અને જનતાનો ચુકાદો

ઓર્બાનના પતનમાં આર્થિક અસંતોષે મહત્ત્વની ભૂમિકા ભજવી. જીવનનિર્વાહનો વધતો ખર્ચ, નબળી આર્થિક ગતિ અને આરોગ્ય સહિતની જાહેર સેવાઓની સ્થિતિ મતદારો માટે ચિંતાના મુદ્દા બન્યા. સરકારની નજીકના ઉદ્યોગપતિઓને મળતા લાભ અંગેના આરોપોએ પણ અસંતોષ વધાર્યો. પીટર મજ્યર અગાઉ ઓર્બાનની રાજકીય વ્યવસ્થાનો ભાગ હતા. ૨૦૨૪માં એક માફી સંબંધિત વિવાદ બાદ તેઓ સરકારથી અલગ થયા અને ટિસા પાર્ટીના નેતા તરીકે આગળ આવ્યા. તેમણે ભ્રષ્ટાચાર સામે કાર્યવાહી, જાહેર સેવાઓમાં સુધારા, સંસ્થાકીય સ્વતંત્રતા અને યુરોપિયન સંઘ સાથે સંબંધો સુધારવાનાં વચનો આપ્યાં. ચૂંટણીમાં ટિસા પાર્ટીને ૧૯૯માંથી ૧૪૧ બેઠકો મળી, જ્યારે ઓર્બાનના ફિડેઝ-કેડીએનપી ગઠબંધનને ૫૨ બેઠકો મળી. આ પરિણામે સત્તા પરિવર્તનનો માર્ગ મોકળો કર્યો.

ભારત માટે શું સંદેશ?

હંગેરીની ચૂંટણી ભારત સહિત વિશ્વની લોકશાહીઓ માટે એક મહત્ત્વપૂર્ણ પ્રશ્ન ઊભો કરે છે: શું ચૂંટણીમાં બહુમતી મેળવવી જ લોકશાહીની સંપૂર્ણ કસોટી છે, કે ન્યાયતંત્ર, મીડિયા અને અન્ય સંસ્થાઓની સ્વતંત્રતા પણ એટલી જ જરૂરી છે? ઓર્બાનની સફર દર્શાવે છે કે લાંબો કાર્યકાળ સત્તાની કાયમી ખાતરી આપતો નથી. આર્થિક અસંતોષ, જનવિશ્વાસમાં ઘટાડો અને વિશ્વસનીય વિરોધ પક્ષનું નિર્માણ રાજકીય ચિત્ર બદલી શકે છે. મજ્યરની જેમ જ નવી સરકારો માટે સાચી કસોટી એ હશે કે તેઓ ભ્રષ્ટાચાર સામે નિષ્પક્ષ કાર્યવાહી કરે, સંસ્થાઓને મજબૂત બનાવે અને મતદારોને આપેલાં વચનો પૂર્ણ કરે. લોકશાહીમાં સત્તા લાંબા સમય સુધી ટકી શકે છે, પરંતુ જનતાનો વિશ્વાસ ગુમાવ્યા પછી તેને જાળવી રાખવો મુશ્કેલ બની જાય છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ઉનાળાની અભૂતપૂર્વ ગરમી માટે તૈયાર રહેજો

## યે મેરા ઇન્ડિયા

વિન્સી મરચન્ટ

**જ્યારે જળબાષ્પ પણ વાયુરૂપમાં હોય છે, વાતાવરણમાં જળબાષ્પનું પ્રમાણ વધવાની સાથે ગરમી અતિશય વધે છે અને દુનિયામાં કેટલાંક સ્થળોએ અતિવૃષ્ટિનું જોખમ વધી જાય છે**

ગયા ઓગસ્ટ મહિનામાં પૃથ્વીના વાતાવરણમાં, જાણીતા ઈતિહાસમાં સૌથી વધુ જળબાષ્પનું વિક્રમસર્જક પ્રમાણ નોંધાયું હતું. હવામાં ભેજ અને જળબાષ્પ વચ્ચે સંબંધ છે, પણ બંને એક નથી. ભેજ હવામાં રહેલા પાણીના વરાળરૂપ પ્રમાણ સાથે સંકળાયેલો છે, જે નરી આંખે જોઈ શકાતો નથી. જ્યારે જળબાષ્પ પણ વાયુરૂપમાં હોય છે, વાતાવરણમાં જળબાષ્પનું પ્રમાણ વધવાની સાથે ગરમી અતિશય વધે છે અને દુનિયામાં કેટલાંક સ્થળોએ અતિવૃષ્ટિનું જોખમ વધી જાય છે.

યુરોપની કોપરનિકસ ક્લાઈમેટ ચેન્જ સર્વિસ (સીથ્રીએસ) નામની સંસ્થાએ તાજા આંકડા પ્રગટ કર્યા છે. ગયા ઓગસ્ટમાં હવામાં પાણીની વરાળનું પ્રમાણ પ્રત્યેક ચોરસ મીટર દીઠ ૨૭ કિલોગ્રામ ૩૫૦ ગ્રામ નોંધાયું હતું. આ અગાઉનો વિક્રમ ૨૦૨૪માં નોંધાયો હતો. તેની સરખામણીમાં આ વર્ષે જળબાષ્પનું પ્રમાણ ૪૦ ગ્રામ વધુ નોંધાયું છે. વર્ષના અન્ય મહિનાઓની સરખામણીમાં ઓગસ્ટમાં જળબાષ્પનું પ્રમાણ સૌથી વધુ હોય છે.

વિજ્ઞાનીઓ કહે છે કે વાતાવરણમાં ગરમીનું પ્રમાણ વધે તેની સાથે જ તેમાં વધુ જળબાષ્પ સમાઈ શકે છે. પૅસિફિક મહાસાગરમાં અલ નિનોની ઐતિહાસિક સ્થિતિએ પણ જળબાષ્પનું સ્તર વધાર્યું છે. પૃથ્વીની સપાટી પરથી અને તેની ઉપરના વાતાવરણમાં રહેલા જળબાષ્પનું પ્રમાણ માપવામાં આવે છે.

પ્રત્યેક ચોરસ મીટર દીઠ જળબાષ્પના પ્રમાણમાં ૪૦ ગ્રામનો વધારો થયો હોય તો તેનો કુલ સરવાળો કરવામાં આવે ત્યારે હવામાં પ્રત્યેક ચોરસ કિલોમીટર દીઠ ૨૦ ટ્રિલિયન (વીસ હજાર અબજ) લિટરનો વધારો થાય છે.

સીથ્રીઈઆરફાઈવ સંજ્ઞાથી ઓળખાતા ડેટાસેટના આધારે પાણીની વરાળનું પ્રમાણ માપવામાં આવે છે. સીથ્રીફાઈવના પીઢ વિજ્ઞાની ડૉ. જુલિયન નિકોલસ કહે છે કે ઉપગ્રહો, હવામાન માપતાં બલૂનો, અન્ય સ્રોતોમાંથી મળતા આંકડા અને વેધર મૉડેલ્સને સાંકળીને જળબાષ્પનું પ્રમાણ જાણવામાં આવે છે. આ ડેટાસેટમાં ૧૯૪૦ પછીના વર્ષોને આધાર તરીકે લેવામાં આવ્યાં છે. તે મુજબ ૧૯૪૦ પછીનો ગયા ઓગસ્ટ મહિનો સૌથી વધુ ગરમ રહ્યો હતો. બીજી તરફ, નેશનલ ઓશનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશન દ્વારા ૧૮૫૦થી એકત્ર કરાયેલા આંકડા મુજબ પણ ઓગસ્ટ મહિનો સૌથી વધુ ગરમ રહ્યો હતો.

પૃથ્વી પરની ગરમી અને જળબાષ્પ વચ્ચેના સંબંધનું માપ કાઢવામાં આવ્યું છે. અત્યાર સુધી ગરમીમાં વધારા સાથે જળબાષ્પમાં જે વધારો થયો છે તેમાં સાતત્ય જોવા મળ્યું છે. દુનિયાનું તાપમાન એક ડિગ્રી વધે ત્યારે ગરમ હવામાં વધુ સાત ટકા જળબાષ્પ સમાઈ શકે છે. ડૉ. નિકોલસના કહેવા મુજબ, ઉષ્ણકટિબંધના સાગરો અને મહાસાગરો પરથી સૌથી વધુ જળબાષ્પ વાતાવરણમાં ભળે છે.

આ પરથી સમજાય છે કે સપ્ટેમ્બર અને ઓક્ટોબરમાં ભારતના લોકોને પ્રમાણમાં વધુ ગરમીનો અનુભવ શા માટે થઈ રહ્યો છે. અલ નિનોની હાજરી અને તેની તીવ્રતાને કારણે સમુદ્રના પાણીમાંથી જળબાષ્પ બનવાનું પ્રમાણ વધ્યું છે.

વિજ્ઞાનીઓના કહેવા મુજબ, હવામાં જળબાષ્પનું પ્રમાણ જેમ વધે તેમ ઝંઝાવાત, ચક્રવાત, વરસાદી તોફાન અને અતિવૃષ્ટિ જેવાં અચાનક સર્જાતાં જોખમો વધે છે.

કારણ કે જળબાષ્પ ઠંડી પડીને પાણીનાં બિંદુઓમાં ફેરવાય છે ત્યારે તેમાંથી ગરમી મુક્ત થાય છે. પરિણામે ઝંઝાવાત, ચક્રવાત કે અતિવૃષ્ટિ વધુ શક્તિશાળી બની શકે છે. પૅસિફિક મહાસાગરમાં હાલમાં અલ નિનોની જે પેટર્ન જોવા મળે છે તેના આધારે કરવામાં આવેલી આગાહી મુજબ, ૨૦૨૭નો ઉનાળો ગરમીનો નવો વિક્રમ સ્થાપી શકે છે. શિયાળામાં જ ગરમીનો સામનો કરવા તૈયાર થઈ જવું પડશે. ટેક્સાસ એ એન્ડ એમ યુનિવર્સિટીના હવામાન વિજ્ઞાની ડૉ. એન્ડ્રુ ડ્રેસલર કહે છે કે ઓગસ્ટમાં હવામાં જેટલી જળબાષ્પ ભળી હતી, તેટલી અગાઉનાં હજારો કે લાખો વર્ષોમાં ભળી હશે કે કેમ તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે.

માત્ર જળબાષ્પનું પ્રમાણ જ વિક્રમસર્જક રહ્યું નથી. ગયા વર્ષે સૂકી બનેલી નદીઓનું પ્રમાણ પણ છેલ્લા ત્રણ દાયકામાં સૌથી વધુ રહ્યું હતું. વર્લ્ડ મિટિયોરોલોજિકલ ઑર્ગેનાઇઝેશન (ડબલ્યુએમઓ)ની આકારણી દર્શાવે છે કે ૨૦૨૫માં પૃથ્વી પરના જળસંગ્રહમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. દુનિયાભરમાં ભૂગર્ભમાં, નદીઓ, સરોવરો, તળાવો, બરફ, હિમનદીઓ, જમીન અને વૃક્ષોમાં સંઘરાયેલા પાણીના જથ્થામાં ગયા વર્ષે ૪૨ ટકાનો ચિંતાજનક ઘટાડો નોંધાયો હતો. વધી રહેલી ગરમીએ પાણીના ચક્રને અને પાણીની આવક-જાવકના પ્રમાણને અનિશ્ચિત અને અસ્થિર બનાવી દીધાં છે, જેના કારણે અગાઉથી તેની ગણતરી કરવી કે આગાહી કરવી મુશ્કેલ બની છે.

એક તરફ અચાનક પૂર આવી જાય છે, કારણ કે પર્વતો પરનાં હિમસરોવરો અને હિમનદીઓ વધુ પડતી ગરમીને કારણે પીગળી રહ્યાં છે. નદીઓમાં અગાઉ ક્યારેય જોવા ન મળ્યાં હોય તેવાં ધસમસતાં પૂર આવે છે અને થોડા સમય બાદ એ જ નદીઓ ઝડપથી સુકાઈ જાય છે.

અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિ વચ્ચે નદીઓનાં પાણીનું પ્રમાણ સતત બદલાતું રહે છે. ૧૯૯૧ પછી ભાગ્યે જ કોઈ નદીના પાણીનો પ્રવાહ અગાઉની જેમ એકસમાન રહ્યો છે. વિશ્વની નદીઓના ૩૫ ટકા જળપ્રવાહમાં પાણીનું પ્રમાણ સામાન્ય કરતાં ઘણું ઓછું રહ્યું હતું, જ્યારે ૨૧ ટકામાં સામાન્ય કરતાં ઘણું વધારે રહ્યું હતું.

આ પેટર્ન દર્શાવે છે કે વરસાદની સ્થિતિમાં ફેરફાર થઈ રહ્યો છે અને ગરમી વધી રહી છે. પરંતુ પર્વતો પરનો બધો જ બરફ ઓગળી જશે ત્યારે ગરમીને કારણે આવતાં પૂર પણ અટકી જશે. ત્યારે, એટલે કે થોડાં વર્ષો બાદ, આપણે ક્યાં જઈશું?

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## નાવ મેં નદી યા ડૂબે

હિંદુ શ્રાદ્ધવિધિમાં કાગડાને પિતૃઓનું પ્રતીક અથવા દૂત માનવામાં આવે છે. શ્રાદ્ધમાં બનાવેલું ભોજન કાગડાને અર્પણ કરવામાં આવે છે. તેનો અર્થ એવો નથી કે કાગડો ખરેખર ભોજનને કોઈ અલૌકિક રીતે પિતૃલોક સુધી લઈ જાય છે. ધાર્મિક માન્યતા મુજબ, પિતૃઓને અર્પણ કરેલી વસ્તુ કાગડાના માધ્યમથી સ્વીકારાઈ હોવાનું માનવામાં આવે છે. અહીં મુખ્ય ભાવ શ્રદ્ધા, સ્મરણ અને અર્પણનો છે. એટલે કાગડો માંસાહારી હોવા છતાં તે ભોજન ખાય છે કે નહીં, તેના કરતાં અર્પણ પાછળની ભાવના વધુ મહત્ત્વની છે.

કાગડો ભૌતિક રીતે ખોરાક ખાય છે અને તે ખોરાક પિતૃઓ સુધી પહોંચાડે છે, તેનો કોઈ વૈજ્ઞાનિક આધાર નથી. શ્રાદ્ધમાં કાગડો પિતૃઓ પ્રત્યેની શ્રદ્ધાનું પ્રતીક છે. શુદ્ધ અને સાત્ત્વિક ભોજનનો સંબંધ પણ કાગડાની પ્રકૃતિ કરતાં અર્પણ કરનારની ભાવના સાથે છે.

**સુરત - દિવ્યેશ ભગત**

## પડદો પડ્યો છે પણ પાત્ર અમર

માણસને ભજવનારો કલાકાર હવે અનંત સ્મૃતિમાં

૮ ઑક્ટોબર ૨૦૨૬ના રોજ ૭૫ વર્ષની વયે તેમના નિધન સાથે ભારતીય સિનેમાએ માત્ર એક અભિનેતા નહીં, પરંતુ સંવેદનશીલ માણસ અને અસાધારણ કલાકાર ગુમાવ્યો.

વિશ્વનાથ પાટેકર–આપણા માટે ‘નાના’.

તેઓ પાત્રને ભજવતા નહોતા–જીવતા હતા. ‘પરિંદા’, ‘પ્રહાર’, ‘ક્રાંતિવીર’, ‘અગ્નિસાક્ષી’, ‘અબ તક છપ્પન’, ‘વેલકમ’થી લઈને ‘નટસમ્રાટ’ સુધી તેમણે અભિનયના અનેક રંગો આપ્યા. પરંતુ આ કળા પાછળ ગરીબી, ભૂખ અને સંઘર્ષથી ઘડાયેલું જીવન હતું. રંગમંચ તેમનો પ્રથમ પ્રેમ હતો અને કદાચ ત્યાંથી જ તેમને માણસને વાંચવાની દૃષ્ટિ મળી. ‘નટસમ્રાટ’માં અપ્પા બેલવલકર બનીને તેમણે વૃદ્ધાવસ્થા, પરિવારની ઉપેક્ષા અને એકલતાની જે વેદના વ્યક્ત કરી, તે માત્ર એક પાત્રની કથા રહી નહીં. નાના પડદા બહાર પણ એટલા જ સંવેદનશીલ હતા–ખેડૂતો માટેનું ‘નામ ફાઉન્ડેશન’, સૈનિકો પ્રત્યેનો આદર અને કારગિલ દરમિયાન જવાનો સાથે વિતાવેલો સમય તેમની માનવીયતા દર્શાવે છે.

અંદરથી તેઓ ચિત્રકાર પણ હતા; કદાચ તેથી જ તેમની આંખો અને ચહેરો પોતે જ એક સંવાદ બની જતા. તેમનો સ્વભાવ સ્પષ્ટવક્તા અને આકરો હતો, પરંતુ એ કઠોરતાની પાછળ અન્યાયથી અસ્વસ્થ થતો અને પીડાને સમજતો માણસ હતો. અલવિદા નાના નટસમ્રાટને, સંવેદનશીલ માણસને અને અભિનયની એક આખી શાળાને ભાવભીની સ્મરણાંજલિ.

**સુરત - નિલેશ ચૌહાણ**

## ચૂંટણી પંચ એ સરકારનું મંત્રાલય નથી

ઈલેક્શન કમિશનની વાત આવે ત્યારે ભારતના જાંબાઝ ચૂંટણી કમિશનર ટી. એન. શેષન યાદ આવ્યા વિના રહે નહીં. તેમની ખુદ્દારીનો એક કિસ્સો નોંધપાત્ર છે. તેમણે કાયદા મંત્રીની હાજરીમાં જ વડાપ્રધાનને સ્પષ્ટ કહી દીધું હતું કે ચૂંટણી પંચ સરકારનું મંત્રાલય નથી. આવી નિડરતા અને સ્વાભિમાન ધરાવતા અમલદારો આજે શોધવા પડે એ કમનસીબી છે. શાળામાં નાગરિકશાસ્ત્ર ભણતી વખતે વિદ્યાર્થીઓને શીખવવામાં આવે છે કે ભારતનું ચૂંટણી પંચ સ્વાયત્ત સંસ્થા છે અને સરકાર તેના નિર્ણયોમાં હસ્તક્ષેપ કરી શકતી નથી. બંધારણે ચૂંટણી પંચને સ્વતંત્રતા આપી છે, પરંતુ પાઠ્યપુસ્તકોમાં લખેલી વાતો અને વાસ્તવિકતા વચ્ચે અંતર જોવા મળે છે. સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ રોહિંટન ફલી નરીમાને પણ ચૂંટણી પંચની કામગીરી અંગે ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે બંધારણ અને લોકશાહીના હૃદય સમાન મતદાનનો અધિકાર ગંભીર જોખમમાં છે. સ્વતંત્ર સંસ્થા દ્વારા ગેરરીતિ કે પક્ષપાત ચલાવી શકાય નહીં.

છેલ્લા કેટલાક સમયથી ચૂંટણી પંચની કામગીરી ચર્ચાનો વિષય બની છે. ચૂંટણી કમિશનરના રાજીનામાની માગ સાથે દેશભરમાં થઈ રહેલા આંદોલનો પણ આ અસંતોષ દર્શાવે છે. ચૂંટણી પંચની વિશ્વસનીયતા સામે સવાલો ઊભા થાય એ લોકશાહી માટે ચિંતાજનક છે. દેશવાસીઓની અપેક્ષા એટલી જ છે કે નાગરિકશાસ્ત્રમાં ભણાવાતી ચૂંટણી પંચની સ્વાયત્તતા માત્ર પુસ્તકો પૂરતી નહીં, પરંતુ વાસ્તવિકતામાં પણ જળવાઈ રહે.

**નવસારી - ડૉ. જે. એમ. નાયક**

## આશા - અનંત છે

આશાવાદી અને નિરાશાવાદી, એક સિક્કાની બે બાજુ સમાન છે; દરેક વ્યક્તિને કોઈને કોઈ આશા, અરમાન, તમન્ના હોય છે. તેમાંયે આસ્તિકો બહુ આશાવાદી અને મહત્વાકાંક્ષી હોય છે. જ્યારે નાસ્તિકો કોઈ આશા-અપેક્ષા રાખતા નથી માત્ર મહેનત અને પરિણામમાં માને છે. ચમત્કારને - પણ નમસ્કાર કરતા નથી. વિજ્ઞાન-સંશોધન માં વિશ્વાસ રાખે છે. આશા અનંત છે.

આશા કદી મરતી નથી, આશા અનંત છે.એક કાર્ય પૂર્ણ થાય ત્યાં બીજી આશા જન્મે છે. જીવનમાં કદી આશા - અપેક્ષા ના રાખો, આશાવાદી વ્યકિતનું કામ ન થાય એટલે હતાશા-ડિપ્રેશનમાં આવી જાય છે. પરંતુ મહેનત-શ્રમ કરો તો તમારો ધ્યેય હંમેશા સિધ્ધ થાય છે.

આશાવાદી વ્ય માનસિક રીતે કમજોર હોય છે. નિરાશા સહન કરી શકતો નથી. જ્યારે નાસ્તિક વિચારધારાવાળી વ્યક્તિ પોતાનું કામ ના થાય તો પોતાના પ્રયત્નમાં કંઈક-કચાશ છે. એમ માને છે. આમ આશાવાદી અને નિરાશાવાદીની માયા છોડી, અને સત્યના માર્ગે ચાલીને ઈશ્વરવાદી બનશો તો માનવજીવન સાર્થક બની જશે.

**તરસાડા - પ્રવિણસિંહ મહીડા**

## સી. જે. પી આંદોલન

હાલ મુખ્ય ચૂંટણી કમિશનરને તેમના હોદ્દા પરથી હટાવવા માટે વિપક્ષ અને કોકરોચ જનતા પાર્ટી દ્વારા નવી દિલ્હીમાં આંદોલન થઈ રહ્યું છે. લોકશાહીમાં વિરોધ વ્યાજબી છે. પરંતુ શું બંધારણીય હોદ્દો ધરાવનારનો ન્યાય રસ્તા પર કરવામાં આવશે? એક ધર્મેન્દ્ર પ્રધાન જેવા મંત્રીને રાજીનામું આપવું પડ્યું એટલે એ લોકો જાણે મોટો જંગ જીતી ગયા હોય તેમ કરી રહ્યા છે. કેટલાક પરદેશમાં વસતા યુટ્યુબરો જાણે બહુ મોટા નેતા હોય તેવી અદાથી ભાષણબાજી કરીને દિલ્હીમાં વટ પાડી દેવા માટે ચાલી નીકળ્યા છે. એ યુટ્યુબરો માત્રને માત્ર અંધાધૂંધી ઈચ્છે છે.

આપણે ભૂતકાળને ભૂલી ગયા છીએ. કટોકટીકાળ, ગુજરાતનું નવનિર્માણ આંદોલન કે મહાગુર્જરાત આંદોલન વખતે શું પરિસ્થિતિ થઈ હતી તેનો અભ્યાસ કરવો જરૂરી છે. લોકશાહીના નામે ટોળાશાહી ચલાવી લેવી જોઈએ નહીં. કોકરોચ પાર્ટી વિપક્ષના હાથા બનવા સિવાય કશું ઉકાળી શકે એમ નથી. છાપાંઓએ પણ આવા લોકો માટે વધારે પડતું કવરેજ ન કરવું જોઈએ.

**નવસારી - હિતેન્દ્ર ટેલર**

## લોકો કોને કહે?

દેશ ગુલામીમાં હતો, ભયંકર શોષણ થતું હતું અને કેટલાક અંગ્રેજો સાથેના મેળાપીપણાને કારણે દેશની સંપત્તિનું શોષણ થતું હતું, ત્યારે દેશને મહાત્મા ગાંધી મળ્યા અને આઝાદી પ્રાપ્ત થઈ. સાબરમતીના સંત પ્રત્યે દેશ હંમેશાં ઋણી રહેશે. આજે દેશમાં પ્રવર્તતા વાતાવરણ અને અરાજકતા તરફની ગતિ ચિંતાજનક છે. દરેક સારા અને પ્રમાણિક નાગરિકને તેની ચિંતા છે. નાગરિકોનો મતાધિકાર પાછલા બારણેથી છીનવી લેવો એ મોટો અન્યાય છે. આજે ભય, ભૂખ, બેરોજગારી, સરકારી તંત્રમાં વિલંબ અને ભ્રષ્ટાચાર, સગાવાદ તથા જનઆરોગ્ય અને શિક્ષણ જેવી પાયાની સેવાઓનું કથળતું સ્તર પ્રજાને મુશ્કેલીમાં મૂકે છે. સેવાઓનું વેપારીકરણ સામાન્ય નાગરિક પર આર્થિક બોજ વધારે છે. લોકશાહીમાં પ્રજાનો વિશ્વાસ જાળવવા પારદર્શિતા, જવાબદારી અને ન્યાયનું રક્ષણ અનિવાર્ય છે. મતાધિકાર માત્ર મતદાન પૂરતો સીમિત નથી, પરંતુ નાગરિકના સ્વાભિમાન અને લોકશાહીના અસ્તિત્વ સાથે જોડાયેલો છે.

**નવસારી - મનુ દયાળજી**